નં.ડીએમ/ભાડે મકાન–૦૧/૨૦૨૪
જિલ્લા મેજીસ્ટ્રેટની કચેરી, જામનગર
તા. ૧૫/૧૦/૨૦૨૪

**ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા–૨૦૨૩ ની કલમ–૧૬૩ હેઠળ કાઢેલો હુકમ**

હાલના પ્રવર્તમાન સંજોગો અને ભુતકાળમાં ગુજરાત રાજયમાં અમદાવાદ, સુરત, મોડાસા વિગેરે જગ્યાઓએ થયેલ બોમ્બ બ્લાસ્ટ તથા આતંકવાદી કૃત્યો અનુસંધાને આવા કૃત્યોને અટકાવવા માટે અને ગુપ્તચર સંસ્થાઓ દ્વારા વખતો વખત મળતા અહેવાલોને ધ્યાને લઈ જિલ્લામાં કોઈ આતંકવાદી કૃત્ય ન બને તેમજ આવા કૃત્ય કરવાનો ઈરાદો ધરાવતા ઈસમોને અટકાવવા સારૂ તેમજ કાયદો–વ્યવસ્થા અને જાહેર શાંતિ અને સલામતી જળવાઈ રહે તે હેતુસર આવી ગુનાહિત પ્રવૃતિ અટકાવવી આવશ્યક હોય મકાન ભાડેથી આપવાના કિસ્સામાં, મકાન ભાડે રાખનાર લોકો કયા સ્થળેથી આવેલા છે? કઈ જગ્યાએ કામ કરવા માટે આવેલા છે? અને કઈ જગ્યાએ કેટલા દિવસનું રોકાણ કરેલુ છે? વિગેરે માહિતી ઉપલબ્ધ થઈ રહે તે ઘણું જ આવશ્યક જણાય છે. આથી મકાન ભાડે આપવાના કિસ્સામાં સંબંધિત પોલીસ સ્ટેશનને તે અંગેની જાણ કરવામાં આવે તે માટે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ–૧૬૩ હેઠળ પોલીસ અધિક્ષકશ્રી, જામનગરના તા.૦૪/૧૦/૨૦૨૪ ના પત્ર નં. એસ.ઓ.જી./૭૮૩/૨૯૨૪ થી જાહેરનામુ બહાર પાડવા દરખાસ્ત કરેલ છે. જામનગર જિલ્લો વિશાળ દરીયા કિનારો ધરાવે છે. જિલ્લાના ઔદ્યોગિક વિકાસના સંદર્ભમાં ગુજરાત પોલીસ અધિક્ષકશ્રી તરફથી મળેલી દરખાસ્ત મને વ્યાજબી જણાય છે.

જેથી હું, **ભાવેશ એન. ખેર, જી.એ.એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ જામનગર, જિલ્લો : જામનગર** ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ (૪૬ મો અધિનિયમ)ની કલમ–૧૬૩ હેઠળ મને મળેલ અધિકારની રૂએ ફરમાવુ છુ કે, જામનગર જિલ્લામાં કોઈ મકાન માલિક અગર તો આ માટે આવા મકાન માલિકે ખાસ સતા આપેલ વ્યકિત જયારે પરપ્રાંતના લોકોને મકાન ભાડે આપે ત્યારે મકાન ભાડે આપ્યાની તારીખથી દિવસ–૮ માં નીચે મુજબના પત્રકમાં જરૂરી વિગતો ભરી જે–તે વિસ્તારના પોલીસ સ્ટેશનને ભાડુઆતના ઓળખપ્રુફની નકલ સાથે રૂબરૂમાં અગર તો ટપાલથી મોકલી આપવાની રહેશે. પોલીસ સ્ટેશન કક્ષાએથી મકાનની માલિકીનો આધાર કે ભાડા કરાર, વેરા પહોંચ જેવા કોઈ આધારોની નકલ માલિક પાસેથી માંગવાની રહેશે નહીં કે તેમને રૂબરૂ બોલાવવાના રહેશે નહી.

| અનુ. | ભાડેથી આપેલ મકાનનું પુરુ સરનામું | મકાન માલિક / મકાન ભાડે આપવા સતા ધરાવતા વ્યકિતનું નામ, સરનામું તથા ફોન નંબર | મકાન કયારે ભાડે આપેલ છે ? | કઈ વ્યકિતને મકાન ભાડે આપેલ છે? તેમનું પુરુ નામ, વતનનું સરનામું અને ફોન નંબર | મકાન માલિકને ભાડુઆતનો સંપર્ક કરાવનાર વ્યકિતનું નામ, સરનામુ તથા ફોન નંબર |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| | | | | | |

આ હુકમના કોઈ પણ ખંડ અથવા હુકમનું ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતા (૪૫ મો અધિનિયમ) ૨૦૨૩ની કલમ–૨૨૩ મુજબ સજાને પાત્ર થશે.

આ જાહેરનામાંના અમલ તથા તેના ભંગ બદલ પગલા લેવા હેડ કોન્સ્ટેબલથી નીચેના ન હોય તેવા પોલીસ અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમ તા.૧૨ /૧૦/૨૦૨૪ થી તા.૧૦/૧૨/૨૦૨૪ સુધી અમલમાં રહેશે.

આજ તા. ૧૫માહે : ઓકટોબર, ૨૦૨૪ ના રોજ મારી સહી તથા કચેરીની મહોર લગાવી બહાર પાડયું.

Office of the District Magistrate
જિલ્લા મેજીસ્ટ્રેટની કચેરી જામનગર (જિલ્લા)
સત્યમેવ જયતે
ગુજરાત રાજય

(ભાવેશ એન. ખેર)
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ
જામનગર

<u>નકલ રવાના</u> :–

૧. કમિશ્નરશ્રી, મહાનગરપાલીકા, જામનગર.

૨. જિલ્લા વિકાસ અધિકારીશ્રી,જામનગર.

૩. પોલીસ અધિક્ષકશ્રી, જામનગર.

...તાબાના તમામ પોલીસ સ્ટેશનને વાકેફ કરવા સારૂ.

૪. સબ ડિવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી,જામનગર(શહેર)/(ગ્રામ્ય)/ધ્રોલ/લાલપુર

૫. નાયબ પોલીસ અધિક્ષકશ્રી, જામનગર(શહેર)/(ગ્રામ્ય)

૬. મામલતદારશ્રી, જામનગર(શહેર)/(ગ્રામ્ય)/કાલાવડ/ધ્રોલ/જોડીયા/લાલપુર/જામજોધપુર

૭. નાયબ માહિતી નિયામકશ્રી, જામનગર

...વર્તમાનપત્રોમાં બહોળી પ્રસિધ્ધી કરાવવા સારૂં.

૮. વ્યવસ્થાપકશ્રી, સરકારી પ્રેસ, રાજકોટ.

...સદરહુ જાહેરનામાની ૨(બે) નકલો સામેલ છે. જે જાહેરનામું સરકારી અસાધારણ રાજય પત્રમાં પ્રસિધ્ધ કરી તેની ૫ નકલો અત્રેને મોકલવા વિનંતી સહ.

૯. શાખાધ્યક્ષશ્રી, રેકર્ડ શાખા, કચેરીમાં

...ઉકત જાહેરનામાના ગેઝેટની નકલ કચેરીમાં મળ્યે તાત્કાલીક મેજિસ્ટ્રીયલ શાખામાં પહોંચતી કરવા સારું.

૧૦. આઈ.સી.ટી. ઓફીસરશ્રી, કલેકટર કચેરી, જામનગર

..... ઉકત જાહેરનામાંને અત્રેની કચેરીની વેબસાઈટ પર અપલોડ કરવા સારૂ.

૧૧. સિલેકટ ફાઈલે

<u>નકલ સવિનય રવાના</u> :–

૧. પ્રિન્સીપાલ ડિસ્ટ્રીકટ એન્ડ સેસન્સ જજશ્રી, જામનગર

૨. ચીફ જયુડીશીયલ મેજિસ્ટ્રેટશ્રી, જામનગર

...જાણ થવા વિનંતી સહ.